| | | | |
|---|---|---|---|
| રજુ થયા તારીખ | ૧૦ | ૦૭ | ૨૦૧૯ |
| દાખલ થયા તારીખ | ૧૦ | ૦૭ | ૨૦૧૯ |
| ફેસલ કર્યા તારીખ | **૨૪** | **૦૧** | **૨૦૨૩** |
| સમયગાળો | ૦૩ | ૦૬ | ૧૪ |

**જંબુસરના મહે. એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામ:–જંબુસર.**

**ફોજદારી કેસ નં.૭૮૭/૨૦૧૯**
**આંક** :–

**ફરીયાદી:–** **રામસંગભાઈ મગનભાઈ ગોહિલ,**
ઉ.વ.આ.–૪૨, ધંધો–ખેતી,
રહે.અમનકુંજ ભોલાવ, તા.જી.ભરૂચ.

–––– વિરુધ્ધ –––––

**આરોપી :–** **જગદીશભાઈ રૂપસિંહ જોશી,**
ઉ.વ.આ.૪૫,
રહે.સંતોષા સોસાયટી, મકાન નં.૩૪, વડદલા, તા.વાગરા,
જી.ભરૂચ.

---

ફરિયાદપક્ષ તરફે વિ.વ.શ્રી **એસ.આઈ. દૌલા**
આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી **એસ.વાય.ચોકીવાલા**

---

**ગુનો: ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ મુજબ...**

## :: જ જ મે ન્ટ ::

(૧) આ કામના ફરીયાદી રામસંગભાઈ મગનભાઈ ગોહિલ નાએ આરોપી જગદીશભાઈ રૂપસિંહ જોશી નાઓ વિરૂધ્ધ હાલની ફરીયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ તા.૧૦/૦૭/૨૦૧૯ ના રોજ દાખલ કરેલ છે. ત્યારબાદ સદર ફરીયાદ લગત આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલો.

(૧.૧) ફરીયાદીની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદીને આરોપી સાથે મિત્રતાના સંબંધ હોવાના કારણે ફરીયાદીએ આરોપીને હાથ ઉછીના રૂા.૩,૭૫,૦૦૦/– આપેલાં અને આરોપી પાસે તે રકમની માંગણી કરતાં આરોપીએ ફરીયાદીને તા.૨૮/૦૫/૨૦૧૯ના રોજનો આઈ.ડી.બી.આઈ બેંક દહેજ શાખાનો ચેક નં.૦૩૦૬૫૪ નો ચેક ફરીયાદીની રૂબરૂ સહી કરી તથા રકમ ભરીને આપેલો. આ ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને એવો વિશ્વાસ અને ભરોસો આપેલ કે આ ચેક બેંકમાં રજુ કરશો તો તેના નાણાં ફરીયાદીને મળી જશે. જેથી આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો ફરીયાદીએ ઉપરોકત ચેકનો સ્વીકાર કરેલ. આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ તેઓની ખાતુ ચાલતી બેંક, એચ.ડી.એફ.સી. બેંક જંબુસર શાખાના તેઓના ખાતા નં.૨૩૪૩૧૬૯૦૦૦૦૮૪૩ માં જ કલીયરીંગ માટે રજુ કરતાં આરોપીના ખાતામાં પુરતુ ભંડોળ નહી હોવાના કારણે સદર ચેક તા.૨૯/૦૫/૨૦૧૯ ના રોજ પરત ફરેલો. જેથી ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી. મારફતે તા.૧૨/૦૬/૨૦૧૯ ના રોજ રજી.પો.એડી.થી નોટીસ આપેલ જે નોટીસ આરોપીને તા.૧૭/૦૬/૨૦૧૯ ના અરશામાં બજી ગયેલ છે. જેથી આરોપીએ ફરીયાદીની બાકી નીકળતી ચેકની રકમ ચુકવી આપેલ ન હોય કે નોટીસનો

કોઈ જવાબ આપેલ ન હોય જેથી ફરીયાદીએ તમો આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ બજતાં તેઓ કોર્ટ સમક્ષ હાજર થયેલાં. તેઓને ફરીયાદ તથા અન્ય દસ્તાવેજોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલ. આરોપીની પ્લી આંક–૭ થી નોંધવામાં આવેલ. જેમાં તેઓએ ગુનાની કબુલાતનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે.

(૩) ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| અનુ.નં | આંક | સાહેદ |
|---|---|---|
| ૧. | ૪ | ફરીયાદી નું સરતપાસનું સોગંદનામુ |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| અ .નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૦ | તકરારી ચેક નં.૦૩૦૬૫૪ અસલ |
| ૨. | ૨૧ | ચેક રીટર્ન મેમો અસલ |
| ૩. | ૨૨ | આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત |
| ૪. | ૨૩ | પોસ્ટ ખાતાની સ્લીપ અસલ |
| ૫. | ૨૪ | રજી.પો.એડી. બજી ગયા અંગેનો પોસ્ટ ખાતાની |

| | | |
|---|---|---|
| | | એકનોલોજમેન્ટ સ્લીપ |
| ૬. | ૨૫ | રજી.પો.એડી. બજી ગયા અંગેનો પોસ્ટ ખાતાનો ઓનલાઈન ટ્રેકીંગનો ઉતારો |

(૪) ત્યાર બાદ ફરીયાદ પક્ષ તરફથી કોઈ વધુ પુરાવા રજુ કરવા માંગતા ન હોય જેથી આંક–૨૬ થી પુરસીસ રજુ કરી તેઓએ પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. રજુ થયેલ ફરીયાદ પક્ષના પુરાવાના સંદર્ભે કામ આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ મુજબની જોગવાઈઓ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ , પરંતુ આરોપી કોર્ટમાં હાજર રહેલ નથી તેમજ તેઓ તર્ફે કોઈ વકીલશ્રી પણ હાજર રહેલ નથી. આરોપીનું વિશેષ નિવેદન લેવાનું સ્ટેજ બંધ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે તેઓના વકીલશ્રીની દલીલો સાંભળેલ છે. આરોપી તર્ફે દલીલો માટે પણ કોઈ હાજર રહેલ નથી. આરોપી જાતે પણ કોર્ટમાં હાજર રહીને કોઈ દલીલો કરેલ નથી. જેથી આરોપીની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે. ફરીયાદી તર્ફે કરેલ દલીલોની ચર્ચા યથાસ્થળે કરવામાં આવેલ છે.

(૬) આ કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## // મુદ્દા //

૧. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીનું કાયદેસરનું લેણું રૂા.૩,૭૫,૦૦૦/– ચુકવવા માટે તેમના ખાતાનો એચ.ડી.એફ.સી.બેંક, જંબુસર શાખાનો તા.૨૮/૦૫/૨૦૧૯ ના રોજનો રૂા.૩,૭૫,૦૦૦/–, ચેક નં.૦૩૦૬૫૪ ફરીયાદીને આપેલ હતો?

૨. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ આપેલ ચેક તેમના ખાતાના પુરતુ ભંડોળ ન હોવાના કારણસર પરત ફરેલ છે?

૩. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ નિયત સમય મર્યાદામાં બેન્કમાં જમા કરાવેલ હતો?

૪. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ આપેલ ચેક પરત ફરતાં તેઓએ નિયત સમયમર્યાદામાં આરોપીને ડીમાન્ડ નોટીસ મોકલેલ છે?

૫. શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૬. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. હકારમાં

૩. હકારમાં

૪. હકારમાં

૫. હકારમાં

૬. આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

(૮) **મુદ્દા નં. ૧,૨ તથા ૩ :-**

ઉપરોકત ત્રણેય મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનું તેમજ પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ત્રણેય મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૮.૧) ફરીયાદપક્ષે ફરીયાદી રામસંગભાઈ મગનભાઈ ગોહિલ નું સોગંદ પર સરતપાસ આંક-૪ થી રજુ રાખેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, ફરીયાદી અને આરોપી મિત્ર હોય આરોપીને અંગત કારણોસર નાણાં જરૂર પડતાં આરોપીએ ફરીયાદી પાસેથી રૂા.૩,૭૫,૦૦૦/- હાથ ઉછીના લીધેલાં. જે રકમ પેટે આરોપીએ તેમના ખાતાનો એચ.ડી.એફ.સી. બેંક ,જંબુસર શાખાનો તા.૨૮/૦૫/૨૦૧૯ ના રોજનો રૂા.૩,૭૫,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ પચ્ચાસ હજાર પુરાનો), ચેક

નં.૦૩૦૬૫૪ નો ચેક તેઓની રૂબરૂ સહી કરી લખી આપેલો. ફરીયાદીએ સદર ચેક પોતાની બેંકમાં તા.૨૯/૦૫/૨૦૧૯ ના રોજ રજુ કરતાં તે સ્વીકાર્યા વિના '' અપુરતા ભંડોળ'' ના શેરા સાથે તા.૨૯/૦૫/૨૦૧૯ ના રોજ પરત આવેલ છે.

(૮.૨) ફરીયાદીએ સદરહું અસલ ચેક આંક–૨૦ થી રજુ કરેલ છે. સદર ચેક ધ્યાને લેતાં, આંક–૨૦ થી રજુ ચેક તા.૨૮/૦૫/૨૦૧૯ ના રોજનો રૂા.૩,૭૫,૦૦૦/– નો છે. તેમાં આરોપીની સહી છે. આંક–૨૧ થી સદર ચેક નો રીટર્ન મેમો રજુ કરેલ છે. તેમાં ચેક પરત ફર્યા અંગેનું કારણ '' ડ્રોઅરર્સ સીગ્નેચર ડીફરર્સ ફોર્મ સ્પેશીમેન'' જણાવેલું છે.

(૮.૩) ઉપરોકત બંન્ને દસ્તાવેજોને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૬ ની જોગવાઈ ધ્યાને લેતાં પુરાવામાં વંચાણે લઈ એવુ અનુમાન કરવાનું થાય છે કે, આંક–૨૧ વાળો ચેક અને આંક–૨૨ વાળા રીટર્ન મેમા માં જણાવ્યા મુજબના કારણોસર વગર સ્વીકારાયે પરત આવેલ છે. આવા અનુમાનનુ ખંડન કરવાનો બોજો આરોપી ઉપર છે. આરોપીને જાણ છે કે તેની સામે આ કેસ ચાલે છે. જેથી તેઓની કોર્ટમાં હાજર રહેવાની ફરજ છે. પરંતુ આરોપી કોર્ટમાં હાજર રહેલ નથી. આરોપી કોર્ટમાં હાજર રહેતા ન હોય ત્યારે કેસની ટ્રાયલ આરોપી કોર્ટ સમક્ષ હાજર ન થાય ત્યાં સુધી મુલત્વી રાખી શકાય નહી. તદૃ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ પોતાના સરકયુલર નં.સી/૨૬૧૮/૨૦૧૬ , તા.૫/૭/૧૬ થી આરોપીઓ સામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ તથા ૩૫૩(૬) નો આશરો લઈ જુના કેસો પૂર્ણ કરવાનું સુચન કરેલ છે. આરોપીએ હાલના કેસમાં કોર્ટમાં હાજર રહીને ફરીયાદીની કોઈ ઉલટ તપાસ કરેલ નથી. આરોપીને તક આપવા છતાં તેઓ કોર્ટમાં હાજર ન રહેતા ફરીયાદી તર્ફે આરોપીનો ઉલટતપાસનો હકક બંધ

કરવા આંક–૧૯ થી અરજી આપતા આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. જેથી ફરીયાદીએ પોતાની સર તપાસમાં જે હકકીતો જણાવેલી છે તેનુ આરોપી ધ્વારા ખંડન કરવામાં આવેલ નથી. જેથી ફરીયાદીએ સરતપાસમાં જણાવેલ હકીકતોને નહી માનવાને કોઈ કારણ નથી.

(૮.૪) આમ ફરીયાદીની સરતપાસનું સોગંદનામું તથા આંક–ર૦ થી રજુ ચેક તેમજ આંક–ર૧ થી રજુ રીટર્ન મેમા થી સાબિત થાય છે કે, આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીની રકમ લીધેલી અને તે રકમની ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને રૂા.૩,૭૫,૦૦૦/– નો ચેક નં.૦૩૦૬૫૪ પોતાના નિભાવેલા ખાતાના આપેલો. તે ચેક ફરીયાદીએ તા.ર૯/૦૫/ર૦૧૯ ના રોજ જમા કરાવેલાં, તે નિયત સમય મર્યાદામાં જમા કરાવેલાં. સદર ચેક આરોપીનું ખાતુ ડ્રોઅરર્સ સીગ્નેચર ડીફરર્સ ફોર્મ સ્પેશીમેનના કારણે પરત ફરેલાં છે તેવુ પણ સાબિત થાય છે.

(૮.૫) આ તબકકે નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ નો ઉલ્લેખ કરીએ તો તેમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, ચેકના ધારણકર્તા પાસે જે ચેક છે તે કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલો છે, તેવુ અનુમાન કરવુ જોઈએ. તેના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટનો નીચે મુજબનો ચુકાદો છે.

***૧૯૯૯ (૧) એસ.સી.સી.૧૧૩ મારૂતી ઉધોગ લી. વિરૂધ્ધ નરેન્દ્ર***

સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એવુ નિરીક્ષણ કરેલ છે કે, કોર્ટે એવુ અનુમાન કરવાનું છે કે, ***ચેકના ધારણકર્તાએ કાયદેસરના લેણા પેટે ચેક મેળવ્યો છે અને આવા અનુમાન વિરૂધ્ધ જો કોઈ હકીકત હોય***

***તો તે આરોપીએ રેકર્ડ પર સાબિત કરવી પડે.***

(૮.૬) ઉપરોકત જોગવાઈ તથા ચુકાદો હાલના કેસમાં લાગુ પાડીએ તો ફરીયાદી એટલી હકીકત રેકર્ડ પર લાવેલા છે કે, આરોપીએ ફરીયાદીને પોતાની સહી કરેલાં ચેક આપ્યા છે. આરોપીએ પણ ચેક ઉપર પોતાની સહી હોવા અંગે કોઈ તકરાર લીધેલ નથી. તેથી કલમ–૧૩૯ મુજબ અનુમાન ફરીયાદીની તરફેણમાં કરી શકાય તેમ છે. આરોપી તર્ફે ફરીયાદીની કોઈ ઉલટતપાસ કરવામાં આવી નથી અને ઉપરોકત અનુમાનનું ખંડન થતી કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ નથી. આરોપીએ ફરીયાદીને નોટીસનો જવાબ આપીને પણ કોઈ તકરાર લીધેલ નથી.

(૮.૭) આમ, ઉપર ચર્ચા કર્યા મજુબ ફરીયાદી તર્ફે રજુ થયેલ મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવાથી સાબિત થાય છે કે, આરોપીએ કાયદેસરનું લેણુ ચુકવવા માટે ફરીયાદીને પોતાના નિભાવેલા ખાતાના ચેક આપેલ હતો. એવુ પણ સાબિત થાય છે કે, ફરીયાદીએ સદર ચેક નિયત સમય મર્યાદામાં બેંકમાં જમા કરાવેલ અને સદર ચેક આરોપીના ખાતામાં ડ્રોઅરર્સ સીગ્નેચર ડીફરર્સ ફોર્મ સ્પેશીમેન ના કારણે પરત ફરેલાં. આમ મુદ્દા નં.૧, ૨ અને ૩ સાબિત થતાં હોય તેના જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૯) મુદ્દા નં.૪ :–**

(૯.૧) ફરીયાદીએ પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, આરોપીએ આપેલ ચેક પરત આવેલ છે. આંક–૨૦ થી રજુ ચેક રીટર્ન મેમા ધ્યાને લેતાં તે તા.૨૮/૦૫/૨૦૧૯ ના રોજના છે. સદર તારીખ થી ત્રીસ દિવસમાં નોટીસ આપવી જોઈએ. આંક–૨૨ થી

નોટીસની સ્થળપ્રત ધ્યાને લઈએ તો નોટીસ તા.૧૨/૦૬/૨૦૧૯ ના રોજની છે અને આંક–૨૩ થી રજી.પો.એડી. કર્યા અંગેની પોસ્ટ ખાતાની પાવતી ધ્યાને લઈએ તો નોટીસ આરોપીને તા.૧૨/૦૬/૨૦૧૯ ના રોજ મોકલાવેલ છે. આમ, ફરીયાદીએ નોટીસ તા.૧૨/૦૬/૨૦૧૯ ના રોજ મોકલેલ છે, તે નિયત સમય મર્યાદામાં છે.

(૯.૨) આંક–૨૨ થી રજુ નોટીસની સ્થળપ્રતમાં લખેલ હકીકતો વાંચતા તેમાં ફરીયાદીએ આરોપીને તેઓએ ફરીયાદીને આપેલ ચેકના નંબર, તારીખ, રકમ જણાવેલ છે તેમજ ચેકો રીટર્ન થયાની હકીકત જણાવેલ છે. ફરીયાદીએ નોટીસમાં આરોપી પાસેથી ચેકની રકમ દિન–૧૫ માં ચુકવી આપવા તેમજ જો આરોપી સદર રકમ દિન–૧૫ માં ન ચુકવે તો તેઓ વિરૂઘ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ છે. આમ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ નોટીસમાં જે પ્રકારની હકીકતો હોવી જોઈએ તે તમામ ફરીયાદીએ લખેલ છે. વધુમાં ફરીયાદીએ આરોપીને સદર નોટીસ આરોપીના સરનામે આર.પી.એડી. ઘ્વારા મોકલેલ છે. ફરીયાદીએ આંક–૨૨ થી રજી.પો.એડી.થી મોકલેલ નોટીસ આરોપીને બજી ગયેલ છે. ફરીયાદપક્ષે નોટીસ બજી ગયા અંગનો આંક–૨૫ થી પોસ્ટ ખાતાનો ઉતારો રજુ કરેલ છે. જે વંચાણે લેતાં આરોપીને ફરીયાદમાં જણાવેલ સરનામે તા.૧૭/૦૬/૨૦૧૯ ના રોજ નોટીસ બજી ગયેલ છે. આમ, ફરીયાદીએ સાબિત કરેલ છે કે, તેઓએ નિયત સમય મર્યાદામાં આરોપીને નોટીસ મોકલાવેલ છે. જેથી મુદ્દા નં.૪ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૦) મુદ્દા નં.૫ ની ચર્ચા:–**

**(૧૦.૧)** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮(સી) મુજબ ચેક લખનારને ડીમાન્ડ નોટીસની બજવણી થાય ત્યારથી તેને ૧૫ દિવસનો સમય લેણી રકમ ચુકવવા માટે આપવાનો હોય છે.

**(૧૦.૨)** ત્યારબાદ આ કાયદાની કલમ–૧૪૨(બી) મુજબ નોટીસ બજયા બાદ ૧૫ દિવસની અંદર ચેક લખનાર ચેકની રકમ ફરીયાદીને ન ચુકવે તો ફરીયાદ દાખલ કરવાનુ કારણ ઉભુ થાય છે. ફરીયાદ દાખલ કરવાનું કારણ ઉભુ થાય ત્યારથી એક માસમાં ફરીયાદ દાખલ કરવાની હોય છે.

**(૧૦.૩)** આંક–૨૫ થી રજુ થયેલ પોસ્ટ ખાતાનો ઉતારો ધ્યાને લઈએ તો તે તા.૧૭/૦૬/૨૦૧૯ ના રોજ આરોપીને નોટીસ બજી ગયેલ છે. જેથી આરોપીને નોટીસની બજવણી થયેલ છે. જેથી કલમ–૧૩૮(સી) ની જોગવાઈ મુજબ તા.૧૭/૦૬/૨૦૧૯ ના રોજનો દિવસ બાદ કરી ૧૫ દિવસ ગણતાં તા.૦૨/૦૭/૨૦૧૯ ના રોજ લેણી રકમ ચુકવવા માટેનો ૧૫ દિવસનો સમય પુરો થાય છે. જેથી ત્યારબાદ કલમ–૧૪૨(બી) ની જોગવાઈ મુજબ એક માસમાં એટલે કે તા.૦૧/૦૮/૨૦૧૯ ના રોજ સુધી ફરીયાદ દાખલ કરવી જોઈએ. હાલની ફરીયાદ તા.૧૦/૦૭/૨૦૧૯ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જેથી આરોપીને ડીમાન્ડ નોટીસ આપ્યા બાદ ૧૫ દિવસનો સમય ચેકની રકમ ચુકવણી માટે આપવામાં આવેલ છે તેમજ ત્યારબાદ હાલની આ ફરીયાદ નિયત સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે.

**(૧૦.૪)** ઉપરોકત ચર્ચા કર્યા મુજબ, ફરીયાદીએ એ હકીકત નિ:શંકપણે સાબિત કરેલ છે કે, આરોપીએ ફરીયાદીનું કાયદેસરનું લેણું તા.૩,૫૦,૦૦૦/– ચુકવવા માટે તેમના ખાતાના રૂા.૩,૫૦,૦૦૦/– નો ચેક નં.૦૩૦૬૫૪ નો ફરીયાદીને આપેલ હતો તેમજ સદર ચેક આરોપીના ડ્રોઅરર્સ સીગ્નેચર ડીફરર્સ ફોર્મ સ્પેશીમેન હોવાના કારણસર પરત ફરેલ છે. ફરીયાદપક્ષે એ હકીકત પણ નિ:શંકપણે સાબિત કરેલ છે કે, આરોપીએ આપેલ ચેક ફરીયાદીએ નિયત સમયમર્યાદામાં બેન્કમાં જમા કરાવેલ હતાં તેમજ ચેક પરત ફરતાં ફરીયાદીએ નિયત સમય મર્યાદામાં આરોપીને ડીમાન્ડ નોટીસ મોકલેલ છે. ફરીયાદપક્ષે એ હકીકત નિ:શંકપણે સાબિત કરેલ છે કે, હાલની આ ફરીયાદ નિયત સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે. આમ, હાલના કેસમાં ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ તથા ૧૪૨ ની તમામ મેન્ડેટરી જોગવાઈઓનું પાલન કરી હાલની આ ફરીયાદ દાખલ કરેલ છે.

**(૧૦.૫)** આરોપી તર્ફે ફરીયાદીના પુરાવાનું ખંડન કરવામાં આવેલ નથી. આમ, ફરીયાદી તર્ફે કલમ–૧૩૮ મુજબનો ગુનો સાબિત થવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શંકપણે સાબિત કરેલ છે. આમ, આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત સાબિત થાય છે. જેથી મુદ્દા નં.૫ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૦.૬)** આજરાજ આરોપીનો પોકાર કરાવતાં તેઓ કોર્ટમાં હાજર નથી કે કોઈ રીપોર્ટ નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટના ***શરદ જેઠાલાલ સાવાલા વિરૂઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજા, ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૯૮૬૨/૨૦૧૫*** ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે નિરીક્ષણ કરેલ છે કે, આરોપીની ગેરહાજરીમાં

આરોપીને દોષિત ઠેરવતો અને સજા ફરમાવતો ચુકાદો જાહેર કરી શકાય છે અને તેમ કરવામાં કોઈ ગેરકાયદેસરતા નથી. સદર ચુકાદામાં કરેલ નિરીક્ષણ ધ્યાને લઈને આરોપીની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરવામાં આવે છે.

**(૧૦.૭)** ઉપરોકત તમામ ચર્ચાને અંતે, ફરીયાદપક્ષનો રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો ધ્યાને લઈ આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે. સદર કેસ સમન્સ ટ્રાયેબલ કેસ છે. જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫ ની જોગવાઈ ધ્યાને લેતાં આરોપીને સજા અંગે સાંભળવા આવશ્યક નથી. તદ્દ ઉપરાંત આરોપી આજરોજ કોર્ટમાં હાજર પણ નથી. ફરીયાદી તર્ફે તેમના વકીલશ્રી નાઓ જણાવે છે કે, આરોપીને મહત્તમ સજા કરવા તેમજ વળતરનો હુકમ કરવા અરજ કરેલ છે.

**(૧૦.૮)** સમગ્ર રજુઆત તથા હાલના કેસની હકીકતોને ધ્યાને લીધી. પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ હેઠળ આરોપીને પ્રોબેશનનો લાભ આપતી વખતે અન્ય પાસા સાથે ગુનાનો પ્રકાર પણ ધ્યાને લેવાનો હોય છે. આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ અન્વયેનો ગુનો કરેલો છે. જયારે ગુનો નાણાંકીય વ્યવહારને લગતો હોય ત્યારે તેની સામાજીક અસર જોતા આરોપીને પ્રોબેશનનો લાભ આપી શકાય નહી. જેથી આરોપીને પ્રોબેશનનો લાભ આપવામાં આવતો નથી. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો હેતુ ધ્યાને લેતા મુદ્દા નં.૬ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપી **જગદીશભાઈ રૂપસિંહ જોશી,** ઉ.વ.આ.૪૫, રહે.સંતોષા સોસાયટી, મકાન નં.૩૪, વડદલા, તા.વાગરા, જી.ભરૂચ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી સદર ગુના સબબ ૧(એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ ફરીયાદીને રૂા.૩,૫૦,૦૦૦/– (અંક રૂપિયા ત્રણ લાખ પચ્ચાસ હજાર પુરા) વળતર પેટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) અન્વયે ચુકવી આપવા.

(૩) આ કામના તકસીરવાન આરોપી **જગદીશભાઈ રૂપસિંહ જોશી,** ઉ.વ.આ.૪૫, રહે.સંતોષા સોસાયટી, મકાન નં.૩૪, વડદલા, તા.વાગરા, જી.ભરૂચ નાઓ આજરોજ અદાલતમાં હાજર રહેલા ન હોઈ અને તેઓની ગેરહાજરી અંગે કોઈ કારણ તકસીરવાન તરફે રજુ થયેલ ન હોઈ, તકસીરવાન વિરૂધ્ધ સીઆરપીસી નમુના નં.ર નું કલમ ૭૦ અનુસારનું એરેસ્ટ વોરન્ટ, તકસીરવાનને જેલમાં મોકલવાના હેતુસર ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ નમુના નં.ર નું કલમ ૭૦ અનુસાર ઈસ્યુ કરેલ એરેસ્ટ વોરન્ટ બજવણી અર્થે ડીએસપી, ભરૂચ ને મોકલવું. ડીએસપી, ભરૂચ ને એવો આદેશ કરવામાં આવે છે કે, તેઓએ આ એરેસ્ટ વોરન્ટની બજવણી તાકીદે કરવી અને જયાં સુધી આ કલમ–૭૦ મુજબના એરેસ્ટ વોરન્ટની બજવણી ન થાય ત્યાં સુધી, દર

માસની ૧ લી તારીખે આ એરેસ્ટ વોરન્ટની બજવણી અર્થે શું પગલા લેવામાં આવેલા છે તેનો રીપોર્ટ અત્રેની અદાલતને કરવો.

(૫) આ ચૂકાદાની એક નકલ તકસીરવાનને પુરી પાડવાના હેતુથી, આ એરેસ્ટ વોરન્ટ સાથે ડીએસપી, ભરૂચ નાઓને મોકલી આપવી અને તકસીરવાનને આ એરેસ્ટ વોરન્ટની બજવણી થયેથી આ ચૂકાદાની નકલ પુરી પાડવી.

(૬) તકસીરવાને આપેલ જામીનખત આથી રદૃ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ **૨૪** મી, માહે **જાન્યુઆરી**, સને–**૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : જંબુસર.**
**તારીખ : ૨૪/૦૧/૨૦૨૩.**

સ્ટેનો :– એન.વી.પરમાર

**(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)**
**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ**
**જંબુસર–કોડ નં.જી.જે.૦૧૪૦૮**